ગુરૂવાર, 27 નવેમ્બર, 2025 માગશર સુદ સાતમ

દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

# દૈનિક પલ્સ


@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

✸ માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✸ ૧૧/૩ ૩જો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✸ દૈનિક સોશિયલ આવૃત્તિ ✸

## વડોદરા: ટ્રાફિક જાગૃતિના અથાક પ્રયાસો છતાં વાહનચાલકોની બેદરકારી યથાવત, શું છે કારણ?

વડોદરા શહેરની ટ્રાફિક સમસ્યા દિવસેને દિવસે એક જટિલ કોયડો બનતી જાય છે. શહેરના માર્ગોને સુરક્ષિત બનાવવા અને ટ્રાફિકનું ભારણ ઘટાડવા માટે પોલીસ તંત્ર દ્વારા સતત નવા પ્રયોગો કરવામાં આવે છે. ક્યારેક ગુલાબ આપીને સમજાવટ, ક્યારેક ગાંધીગીરી, તો ક્યારેક ઈ-મેમો અને સીસીટીવી જેવી અત્યાધુનિક ટેકનોલોજીના માધ્યમથી લોકોને જાગૃત કરવાના અથાક પ્રયાસો થઈ રહ્યા છે. પરંતુ, સિક્કાની બીજી બાજુ અત્યંત નિરાશાજનક અને ચિંતાજનક છે. આટલા અભિયાનો છતાં શહેરના રસ્તાઓ પરની વાસ્તવિકતામાં કોઈ મોટો સુધારો જોવા મળતો નથી. વાહનચાલકોમાં હજુ પણ સ્વયંભૂ શિસ્તનો અભાવ સ્પષ્ટ દેખાય છે. રેડ લાઈટ જમ્પ કરવી, રોંગ સાઈડમાં વાહન હંકારવું અને હેલ્મેટ કે સીટબેલ્ટ વિના ડ્રાઈવિંગ કરવું એ જાણે વડોદરાવાસીઓની દિનચર્યા બની ગઈ હોય તેવા દ્રશ્યો સામાન્ય છે.

આખરે આ ઉદાસીનતા પાછળનું ખરું કારણ શું? શું નાગરિકોની માનસિકતામાં જ ક્યાંક ખામી છે? વાહનચાલકો નિયમોને પોતાની સુરક્ષા કવચ માનવાને બદલે માત્ર પોલીસથી બચવા માટેની મજબૂરી ગણે છે. જ્યાં સુધી લોકોમાં 'મને કઈં નહીં થાય' તેવી માનસિકતા રહેશે અને નાગરિક ધર્મ ચૂકવાની આદત નહીં સુધરે, ત્યાં સુધી તંત્રના ગમે તેટલા પ્રયાસો હોય, પરિણામ શૂન્ય જ રહેશે. ટ્રાફિક વ્યવસ્થા સુધારવી એ માત્ર પોલીસનું કામ નથી, તે એક સહિયારી જવાબદારી છે.



## ભારતનો સતત બીજો મહિલા કબડ્ડી વર્લ્ડ કપ વિજય

ભારતીય મહિલા કબડ્ડી ટીમે ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરતાં સતત બીજો કબડ્ડી વર્લ્ડ કપ જીતી લીધો છે. ઢાકામાં રમાયેલી ફાઇનલમાં ભારતે ચીની તાઇપેને 35-28થી હરાવી ખિતાબ મેળવ્યો. સમગ્ર ટુર્નામેન્ટમાં ઉત્તમ પ્રદર્શન કરનારી છત્તીસગઢની રેડર સંજુ દેવીને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ જાહેર કરવામાં આવી. મેચની શરૂઆતથી જ ભારતનું દબદબું દેખાયું. ટોસ બાદ મળેલી પહેલી જ રેડમાં સંજુ દેવીએ ટીમને સરસાઈ અપાવી. પૂનમ અને સોનાલીના સફળ ટેકલ્સે તાઈપે પર દબાણ વધાર્યું. તાઈપેએ ક્ષણિક રીતે સુપર ટેકલથી લીડ લીધી હોવા છતાં સંજુની સતત દમદાર રેડોએ મેચનું વળતર ફેરવી નાખ્યું. 12મી મિનિટમાં સંજુએ ચાર અંકની રેડ કરીને ભારતને 13-12થી આગળ ધપાવ્યું. ત્યારબાદ મળેલા ઓલ આઉટથી ભારતે સ્કોર 17-14 સુધી પહોંચાડ્યો. હાફ ટાઈમ સુધી ભારત 20-16થી આગળ રહ્યું અને અંત સુધી આ લીડ જાળવી રાખીને વિજય નોંધાવ્યો.

## ઓસ્ટ્રેલિયામાં ‘લાલો’ના તમામ શો હાઉસફૂલ

ગુજરાતી ફિલ્મ ‘લાલો – શ્રીકૃષ્ણ સદા સહાયતે’ ઓસ્ટ્રેલિયામાં ધમાકેદાર પ્રતિસાદ મેળવી રહી છે. સિડની, મેલબોર્ન, પર્થ, બ્રિસબેન સહિત 13 શહેરોમાં રિલીઝ થયેલા તમામ શોની ટિકિટો એક કલાકમાં જ વેચાઈ ગઈ હતી, જેને કારણે વધારાના શો ઉમેરવા પડ્યા અને તે પણ હાઉસફૂલ થઈ ગયા. ગયા અઠવાડિયે 3,000થી વધુ ગુજરાતી પ્રેક્ષકોએ ભારતીય વેશભૂષામાં ફિલ્મનો આનંદ માણ્યો હતો. રિક્ષાચાલક લાલોના સંઘર્ષ અને આશાની આ કહાણી પ્રેક્ષકોને ભાવનાત્મક રીતે સ્પર્શી રહી છે અને વિદેશમાં ગુજરાતી સિનેમાની વધતી લોકપ્રિયતા દર્શાવી રહી છે.




## સૌરાષ્ટ્રમાં ધુમ્મસ છવાતાં ઠંડીમાં ભાગ્યે રાહત

સૌરાષ્ટ્ર–ગુજરાતમાં આજે હવામાનમાં ફરી પલટો જોવા મળ્યો હતો. વહેલી સવારથી મોડી સવાર સુધી રાજકોટ સહિત અનેક વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ છવાયું હતું, જેના કારણે હાઈવે પર વિઝિબિલિટીમાં ઘટાડો થતા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. તાપમાનમાં 2 થી 4 ડિગ્રીનો વધારો થતા ઠંડીમાં આંશિક રાહત અનુભવાઈ હતી. રાજકોટમાં આજે 15 ડિગ્રી, પોરબંદરમાં 16.4, ભૂજમાં 15.4 અને વેરાવળમાં 19.7 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. સવારે ભેજનું પ્રમાણ 80 ટકા સુધી પહોંચતા અનેક વિસ્તારો ધુમ્મસે ઢંકાઈ ગયા હતા.

જામનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીનો પારો નીચે જઈ રહ્યો હતો, પરંતુ આજે લઘુત્તમ તાપમાન 15 ડિગ્રી નોંધાતા આંશિક ઉષ્મા અનુભવાઈ હતી. શહેરમાં ભેજ 68 ટકા સુધી રહી હતી, જેને કારણે પરોઢિયે ધુમ્મસનું પ્રમાણ વધારે હતું. સુરેન્દ્રનગર જિલ્લામાં તાપમાન 15 ડિગ્રી નજીક પહોંચ્યું છે અને ઝાકળ વરસવાથી ઠંડીનો ચમકારો સતત વધી રહ્યો છે. જિલ્લામાં 1150 જેટલી શાળાઓમાં સવારની પાળી ચાલી રહી છે, જેના કારણે નાના બાળકોને વહેલી સવારે ઠંડીમાં શાળાએ જવામાં મુશ્કેલી પડે છે. વાલીઓએ તંત્રને શાળાના સમયમાં ફેરફાર કરી વિદ્યાર્થીઓને રાહત આપવા માંગ કરી.




## અમદાવાદને 2030 કોમનવેલ્થ ગેમ્સ યજમાનીનો ઐતિહાસિક નિર્ણય




ગુજરાત માટે આજે ઐતિહાસિક દિવસ રહ્યો છે, કારણ કે 2030ની કોમનવેલ્થ ગેમ્સની યજમાની માટે અમદાવાદને પસંદ કરવામાં આવ્યું છે. સ્કોટલેન્ડના ગ્લાસગોમાં યોજાયેલી બેઠકમાં આ નિર્ણય સત્તાવાર રીતે મંજૂર થયો. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તેને ભારત માટે ગર્વની ક્ષણ ગણાવી. ગુજરાત સરકાર મુજબ, અમદાવાદને સ્પોર્ટ્સ કેપિટલ તરીકે વિકસાવવા તૈયારી તેજ ગતિએ શરૂ થશે અને તમામ ઇન્ફ્રાસ્ટ્રક્ચર કામ 2028-29 સુધી પૂર્ણ કરવાનો લક્ષ રાખવામાં આવ્યો

## રાજકોટ મનપા દ્વારા QR આધારિત ફીડબેક સિસ્ટમ શરૂ



રાજકોટ મહાનગરપાલિકાએ શહેર સેવાઓની ગુણવત્તા અને પારદર્શિતા વધારવા QR કોડ આધારિત નાગરિક ફીડબેક સિસ્ટમ શરૂ કરી છે. રોડ, સફાઈ, લાઈટ, બસ સહિત 17 સેવાઓ માટે 1,747 યુનિક QR કોડ મૂકાયા છે. નાગરિકો સ્કેન કરીને સ્ટાર રેટિંગ અને પ્રતિભાવ આપી શકશે. મળેલ ફીડબેકના આધારે મનપા વિભાગોની કામગીરીનું મૂલ્યાંકન થઈ સુધારા હાથ ધરાશે. નવી સિસ્ટમ સેવા ગુણવત્તા સુધારવાનો અસરકારક સાધન બની શકે છે.

## ભાવનગરમાં લેતીદેતીના વિવાદે યુવાનની હત્યા

ભાવનગરના કરચલિયા પરામાં 5 હજાર રૂપિયાની લેતીદેતીમાંથી ઉદ્ભવેલા વિવાદે ગંભીર સ્વરૂપ ધારણ કરતાં મોહિત ટેભાણીની છરીના ઘા મારી હત્યા કરી દેવામાં આવી. મેલડી માતાના મંદિર નજીક રાત્રે ચાર શખ્સોએ મોહિત પર તીક્ષ્ણ હથિયારોથી હુમલો કરી ફરાર થઈ ગયા. લોહીલુહાણ હાલતમાં સારવાર માટે ખસેડવામાં આવેલા મોહિતનું ટૂંકા સમયમાં મોત થયું. મૃતક મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ઘટનાને પગલે ફરિયાદ નોંધાઈ છે અને આગળની તપાસ ચાલુ છે.

## સૌરાષ્ટ્ર-કચ્છ વાઇબ્રન્ટ કોન્ફરન્સ માટે તૈયારીઓ તેજ, 50 હજાર ઉદ્યોગકાર જોડાશે



ગુજરાત સરકાર આગામી 8થી 11 જાન્યુઆરીએ રાજકોટની મારવાડી યુનિવર્સિટીમાં સૌરાષ્ટ્ર-કચ્છ માટે વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું આયોજન કરશે. સમકાલીન રીતે વાઇબ્રન્ટ રિજનલ એક્ઝિબિશન પણ યોજાશે, જેમાં જાપાન અને કેનેડાના ડેલિગેશન સહિત અંદાજે 50 હજાર એમએસએમઈ ઉદ્યોગકારોની હાજરી રહેશે અને કરોડોના એમઓયુ થવાની ધારણા છે. કોન્ફરન્સમાં સિરામિક્સ, એન્જિનિયરિંગ, લોજિસ્ટિક્સ, કૃષિ-ફૂડ પ્રોસેસિંગ, પેટ્રોકેમિકલ્સ અને ખનિજો જેવા મુખ્ય ક્ષેત્રો પર ફોકસ રહેશે. 20,000 ચો.મી. વિસ્તારમાં 6 આધુનિક ડોમ સાથે પ્રદર્શન અને બિઝનેસ નેટવર્કિંગ તકો ઉપલબ્ધ કરાશે. આ એક્ઝિબિશનમાં એગ્રો, ફિશરીઝ, રિન્યુએબલ એનર્જીથી લઈ બેંકિંગ અને શિક્ષણસંસ્થાઓ સુધીની અગ્રણી કંપનીઓ અને શાસકીય વિભાગો જોડાશે. વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ, રિવર્સ બાયર-સેલર મીટ અને ઉદ્યમી મેળો મુખ્ય આકર્ષણ રહેશે. આ ઉપરાંત કોન્ફરન્સ દરમિયાન એમએસએમઈ માટે 5 કેટેગરીમાં 10 એવોર્ડ આપવામાં આવશે, જેમાં મહિલા, યુવા, એસસી, એસટી અને જનરલ કેટેગરીના શ્રેષ્ઠ ઉદ્યોગકારોને સન્માનિત કરવામાં આવશે.

**રાજકોટમાં 8–11 જાન્યુઆરીએ યોજાનારી સૌરાષ્ટ્ર-કચ્છ વાઇબ્રન્ટ કોન્ફરન્સમાં 50 હજારથી વધુ ઉદ્યોગકારોની ભાગીદારી અપેક્ષિત.**

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## સિવિલમાં બેદરકારીના આક્ષેપ વચ્ચે 18 માસના બાળકનો કરુણ અવસાન

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બેદરકારીના આક્ષેપો વચ્ચે 18 માસના દાઝાયેલા બાળક શિવમનું સારવાર દરમ્યાન મૃત્યુ થતાં પરિવારજનોએ ગંભીર રોષ વ્યક્ત કર્યો છે. બાળકને 18મી તારીખે દાખલ કરાયો હતો, પરંતુ બાટલો ચડાવતા તબિયત બગડી ગઈ હોવાનું પરિવારજનોએ જણાવ્યું.

આક્ષેપ મુજબ, સ્ટાફે બેદરકારીપૂર્વક વર્તન કર્યું હતું અને નર્સે બાળકના પિતાને જ “ઇન્જેક્શન ક્યાં લગાવવું?” એવો સવાલ કર્યો હતો. પરિજનોનું કહેવું છે કે ડોક્ટર બોલાવવા છતાં સમયસર હાજર નહોતા અને સ્ટાફ તરફથી અયોગ્ય જવાબો મળ્યા હતા.

ઘટના બાદ પરિવારજનોના આક્રોશ વચ્ચે સિવિલ આરએમઓ હર્ષદ દૂસરાએ નિવેદન આપ્યું છે કે તાત્કાલિક તપાસ કમિટી રચાશે અને જવાબદાર સામે દાખલારૂપ પગલાં લેવામાં આવશે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

## સિવિલમાં બેદરકારીથી યુવતીનો મોત, પરિવારનો રોષ

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ડૉક્ટરની બેદરકારીનો વધુ એક ગંભીર કેસ પ્રકાશમાં આવ્યો છે. સાયલા પંથકના સુદામડા ગામની 25 વર્ષની કમળાબેન સાળેસા, જેને અચાનક શ્વાસની તકલીફ થતાં 24 નવેમ્બરે ટ્રોમા સેન્ટરમાં ખસેડવામાં આવી હતી, સારવાર દરમિયાન જીવ ગુમાવ્યા હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો છે. બે સંતાનની માતા રહેલી આ યુવતીને સમયસર અને યોગ્ય સારવાર ન મળ્યાનો પરિવારજનોએ ગંભીર આરોપ મૂક્યો છે. 26 નવેમ્બરે કમળાબેનની તબિયત બગડતા તેને વેન્ટિલેટર પર રાખવામાં આવી, પરંતુ ડૉક્ટરે નળી સંપૂર્ણ રીતે ન લગાવી અન્ય વોર્ડમાં જઈ ચૂક્યા હતા, તેમ પરિવારજનોએ જણાવ્યું. યુવતી વધુ તરફડતા હોવા છતાં ડૉક્ટર સમયસર પરત ન આવ્યા અને અંતે તપાસ દરમિયાન તેને મૃત જાહેર કરાઈ હતી. પરિવારજનોએ આક્ષેપ કર્યો કે જો નળી યોગ્ય રીતે લગાવવામાં આવી હોત તો યુવતીનો જીવ બચી શક્યો હોત. વિડિયો બનાવતા પરિવારજનોને ડૉક્ટર દ્વારા ધમકીભર્યા શબ્દો કહેવામાં આવ્યા હોવાના આક્ષેપો પણ સામે આવ્યા છે. આ ઘટનાથી પરિવાર તથા સમાજમાં રોષ ફેલાયો છે, જ્યારે બે સંતાન માતાની વિયોગમાં શોકમગ્ન છે.



## સૌરાષ્ટ્ર-ગુજરાતમાં 30 સુધી ઠંડી ઘટશે, તાપમાન વધશે

સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી અનુભવાયેલી ઠંડીમાં હવે 30 નવેમ્બર સુધી રાહત મળશે. જાણીતા વેધર એનાલિસ્ટ અશોકભાઈ પટેલ મુજબ આગામી દિવસોમાં ન્યુનતમ તાપમાન સરેરાશ 2 થી 4 ડિગ્રી વધવાની શક્યતા છે. હાલમાં સરેરાશ 16-17 ડિગ્રી તાપમાન 17-20 ડિગ્રી સુધી પહોંચી શકે છે. 1 અને 2 ડિસેમ્બરે ફરી એકથી બે ડિગ્રીનો ઘટાડો થવાની ધારણા છે. પવન ઉત્તર-ઉત્તરપૂર્વ દિશામાંથી 10-15 કિમીની ઝડપે ફૂંકાશે. બંગાળની ખાડીમાં બે હવામાન સિસ્ટમ સક્રિય હોવા છતાં ગુજરાત પર તેની કોઈ અસર થશે નહીં.



## વોર્ડ ૭નાં કામમાં વીજ વપરાશ અનિયમિતતા તપાસ માંગ



વડોદરા શહેરના વોર્ડ નંબર ૭માં ચાલી રહેલા કામ દરમિયાન કોન્ટ્રાક્ટર દ્વારા કચેરી પ્રાંગણમાં સળિયા કાપવાના અને સેન્ટીંગના કાર્યો માટે કોર્પોરેશનના વીજ કનેક્શનનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો મુદ્દો સામે આવ્યો છે. કારેલીબાગ પાણીની ટાંકી નજીકનું આ કામ વોર્ડ-૭ના પ્રોજેક્ટ તરીકે દર્શાવવામાં આવ્યું છે, પરંતુ ઉપયોગ થયેલ વીજળીનું બિલ કોણ ભરશે તે અંગે સ્પષ્ટતા નથી. સ્થાનિકોનો પ્રશ્ન છે કે આ બિલ કોન્ટ્રાક્ટર ભરે કે એન્જિનિયરિંગ શાખા અથવા વોર્ડ ઓફિસર પર વસૂલાશે.

આ ઉપરાંત કોન્ટ્રાક્ટરને અનુકૂળતા મળે તેવી રીતે કામ આપવામાં આવ્યું હોવાનો પણ આક્ષેપ ઉઠ્યો છે. વીજળીના સરકારી કનેક્શનનો દુરુપયોગ અને ખર્ચની જવાબદારી અંગે સ્પષ્ટતા ન થતાં નાગરિકોએ આ સમગ્ર મામલે મ્યુનિસિપલ કમિશનરને વિજિલન્સ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ કરવા લેખિત માંગણી કરી છે. સ્થાનિકોનો મત છે કે જવાબદારી નક્કી થઈ પારદર્શિતા જળવાઈ રહે તે જરૂરી છે.

## સાવલી: ૪૦૦ વિદ્યાર્થિનીઓને નિ:શુલ્ક હેલ્મેટ વિતરણ કરાશે

સાવલીમાં માર્ગ સલામતી અને મહિલા સુરક્ષાને લઈને એક અનોખી અને પ્રેરક પહેલ કરવામાં આવી રહી છે. આવતીકાલે ૨૭ નવેમ્બરના રોજ સાવલી સ્થિત કેજેઆઈટી (KJIT) કેમ્પસમાં 'આવાસ યુવા મહિલા માર્ગ સલામતી શિક્ષણ અને જાગૃતિ અભિયાન' અંતર્ગત એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં કેમ્પસની ૪૦૦થી વધુ વિદ્યાર્થિનીઓ અને મહિલા કર્મચારીઓને નિ:શુલ્ક હેલ્મેટનું વિતરણ કરવામાં આવશે. ગુજરાતમાં માત્ર મહિલાઓની સુરક્ષાને કેન્દ્રમાં રાખીને યોજાતો આ પ્રકારનો આ પ્રથમ કાર્યક્રમ છે. આ આયોજનનો મુખ્ય હેતુ યુવાનોમાં ટ્રાફિક નિયમોના પાલન અંગે જાગૃતિ લાવવાનો અને અકસ્માતોનું પ્રમાણ ઘટાડવાનો છે. આ સરાહનીય પગલું અન્ય સંસ્થાઓ માટે પણ પ્રેરણારૂપ બની રહેશે.



## રાજકોટ જિલ્લામાં રોડ રીસર્ફેસિંગ કામગીરી ઝડપથી આગળ

તાજેતરના ચોમાસા અને માવઠાથી નુકસાન પામેલા રાજકોટ જિલ્લાના હાઈવે અને ગ્રામ્ય માર્ગોની મરામત કામગીરીને જિલ્લા માર્ગ-મકાન વિભાગે તેજ ગતિ આપી છે. ઈજનેરી સૂત્રોના જણાવ્યા મુજબ અત્યાર સુધી જિલ્લામાં રોડના 90 ટકા પેચવર્ક અને 30 ટકા કરતા વધુ રીસર્ફેસિંગ પૂર્ણ થયું છે. કોટડા(સાં)-રીબડા રોડ, ગઘડીયા(જામ) રોડ અને પડધરી સર્વિસ રોડ પર 40 ટકા કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. પડધરી સર્વિસ રોડનું કામ ઝડપથી આગળ ધપતા સ્થાનિક રહેવાસીઓ અને વેપારીઓને વાહનવ્યવહાર સુગમ બનવાની રાહત મળશે. સુધારેલા રોડથી સુરક્ષા વધશે તથા ભારે વાહનવ્યવહારને અનુકૂળતા મળશે. લોધિકા-રીબડા માર્ગ પર પણ રીસર્ફેસિંગ ચાલુ છે, જ્યાં ટેકનિકલ ટીમો ગુણવત્તા નિરીક્ષણ સતત કરી રહી છે. આગામી દિવસોમાં અન્ય પ્રાથમિક માર્ગો પર પણ તબક્કાવાર મરામત શરૂ થશે, જેથી શિયાળું-ઉનાળાની સીઝનમાં માર્ગ વ્યવસ્થા વધુ મજબૂત બને. બેટી, ઉંટવડ અને ગોંડલમાં પાંચ ડામર પ્લાન્ટ કાર્યરત કરી કામગીરીને વધુ વેગ આપવામાં આવ્યો છે.



## રાજકોટમાં 38 માળની સ્કાયલાઇન ટાવર મંજૂરી મળ્યી

રાજકોટના આધુનિક વિકાસને નવો વેગ આપતાં મવડીના પરસાણા ચોક નજીક 38 માળની ગગનચુંબી ‘સ્કાયલાઇન’ ઇમારતના પ્રોજેક્ટને મહાપાલિકાએ મંજૂરી આપી છે. 145 મીટર ઊંચી અને 476 ફૂટની આ ઇમારતમાં 136 રહેણાંક ફ્લેટ અને 12 કોમર્શિયલ યુનિટનો સમાવેશ થશે. ટોલ બિલ્ડિંગ પોલિસી મુજબ આ પ્રોજેક્ટ શહેરના હોરાઇઝનમાં મોટા પરિવર્તનનું પ્રતિનિધિત્વ કરશે.

આ ઓલ-ઈન-વન મોડેલમાં આધુનિક સુવિધાઓ, સસ્ટેનેબલ ડિઝાઇન, ગ્રીન બિલ્ડિંગ સિસ્ટમ્સ, ફાયર સેફ્ટી અને વિશાળ પાર્કિંગ જેવી સુવિધાઓનો સમાવેશ છે. ભૂકંપ પ્રતિકારક માળખું અને તમામ સલામતી ધોરણોનું પાલન કરી પ્રોજેક્ટને ઐતિહાસિક ગણાવવામાં આવ્યો છે.

આ પ્રોજેક્ટને ડેવલપ કરતી સત ડેવલપર્સની ટીમ અને આર્કિટેક્ટ ભાવેશ પટેલે જણાવ્યું કે સ્કાયલાઇન માત્ર રહેણાંક-વ્યવસાયિક સુવિધાઓનો સમન્વય જ નહીં, શહેરના ‘ફ્યુચર અર્બન મોડેલ’ તરફનું મહત્વનું પગલું છે. મહાપાલિકા અનુસાર આ વિકાસ શહેરને મેટ્રો લેવલ પર લઈ જવાનું દિશાસૂચક બનશે.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



## રાજકોટ-જેતપુર હાઇવે પર ફરી ભારે ટ્રાફિક ત્રાસ

રાજકોટ-જેતપુર હાઇવે પર ચાલુ રોડ અને બ્રિજના ધીમી ગતિના કામને કારણે મંગળવારે પારડી પાસે ત્રણ કિલોમીટર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો, જેમાં હજારો વાહનચાલકો સાથે એમ્બ્યુલન્સ પણ ફસાઈ ગઈ હતી. લગ્નગાળાના કારણે રોજ વધતા ટ્રાફિક વચ્ચે મુસાફરોને ભારે હેરાનગતીનો સામનો કરવો પડ્યો. પહેલાં 45 મિનિટમાં ગોંડલ પહોંચાતું હતું, પરંતુ હવે દોઢથી બે કલાક લાગે છે. શાપર-વેરાવળ વિસ્તારમાં ભાંગેલા રસ્તા અને અધૂરું કામ મુસાફરીને વધુ મુશ્કેલ બનાવે છે. સમીક્ષા બેઠકો થવા છતાં કામની ગતિ ન વધતાં નાગરિકો વચ્ચે રોષ વધી રહ્યો છે અને લોકો પ્રશ્ન ઉઠાવી રહ્યા છે—આ તકલીફનો અંત ક્યારે આવશે?

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## રાજકોટ જિલ્લામાં મતદાર યાદી સુધારણા પ્રગતિ તેજ ગતિએ

રાજકોટ શહેર અને જિલ્લામાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ (SIR)ની કામગીરી ઝડપી ગતિએ આગળ વધી રહી છે અને હાલમાં 76.06 ટકા ડિજિટાઇઝેશન પૂર્ણ થવા પામ્યું છે. કુલ 23,91,023 મતદારોમાંથી 18,18,668 મતદાર ફોર્મની પ્રક્રિયા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા પૂર્ણ કરવામાં આવી છે. રાજ્ય ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર કલેક્ટર ડો. ઓમપ્રકાશે નિર્ધારિત સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા તંત્રને તાકીદ કરી હતી. વિધાનસભા વિસ્તારોમાં જસદણ 91 ટકા સાથે ટોચે છે, જ્યારે રાજકોટ ઇસ્ટ 68.30 ટકા સાથે સૌથી પાછળ છે. રાજકોટ સાઉથમાં 70.13 ટકા, રાજકોટ રૂરલમાં 74.52 ટકા, ગોંડલમાં 81.89 ટકા, જેટપુરમાં 73.35 ટકા અને ધોરાજીમાં 81.93 ટકા કામગીરી નોંધાઈ છે. બીએલઓને 4 ડિસેમ્બર સુધી 100 ટકા કામગીરી પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી છે.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

## સાબરકાંઠામાં હાઈવે નિરીક્ષણ અને મંજૂરી

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઇવે-48 પર ચાલી રહેલા માર્ગ વિકાસ કાર્યોનું કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરી અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્થળ પર જઈને નિરીક્ષણ કર્યું. મોતીપુરા–હિંમતનગર માર્ગના નિર્માણાધીન ભાગે બંને આગેવાનોને પ્રોજેક્ટની પ્રગતિ અંગે અધિકારીઓએ માહિતી આપી. રસુલપુર ગામ નજીક લાંબા સમયથી માંગવામાં આવેલા ઓવરબ્રિજને સ્વીકાર મળતા ગ્રામજનોએ બંને મહાનુભાવનું હાર્દિક સ્વાગત કર્યું. ગામ નજીક હાઈવે પસાર થતાં અકસ્માતો વધતા આ માગણી વર્ષોથી ચાલુ હતી. નિરીક્ષણ દરમિયાન મંત્રીઓએ કામ સમયમર્યાદામાં ગુણવત્તા સાથે પૂર્ણ થાય તે માટે માર્ગદર્શન આપ્યું. કાર્યક્રમમાં જિલ્લા અને સ્થાનિક આગેવાનો હાજર રહ્યા.



## રાજકોટ એરપોર્ટ સુવિધા સુધારા તેજ



રાજકોટના હિરાસર સ્થિત ઈન્ટરનેશનલ એરપોર્ટમાં છેલ્લા બે વર્ષથી મોબાઇલ કવરેજ, વાઈફાઈ, ખાણીપીણીના સ્ટોલ અને પીવાનું પાણી જેવી સુવિધાઓના અભાવે મુસાફરો દ્વારા સોશિયલ મીડિયામાં વારંવાર અસંતોષ વ્યક્ત થતો રહ્યો છે. કરોડોના ખર્ચે બનેલા વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેક્ટને લઈને ઉઠતી ટીકા બાદ એરપોર્ટ ઓથોરીટીએ હવે તાત્કાલિક પગલાં લેવાની શરૂઆત કરી છે. મોબાઈલ કવરેજ સુધારવા BSNLની ટીમ સાઇટ પર કાર્યરત છે અને સમસ્યા ટૂંક સમયમાં દૂર થવાની આશા છે. ટર્મિનલમાં વાઈફાઈ એક્સેસ સમય 30થી વધારી 45 મિનિટ કરવામાં આવ્યો છે. મુસાફરોની માંગ મુજબ નવું નેસ કાફે આઉટલેટ એક અઠવાડિયામાં અને સ્ટારબક્સ 10 ડિસેમ્બર સુધી શરૂ થશે. આ સાથે આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ શરૂ કરવા માટેની તૈયારીઓને પણ ગતિ આપવામાં આવી રહી છે.

## ગીર સોમનાથમાં ગીતાંશ અને સુભાષિત કંઠપાઠ સ્પર્ધાનું કોડીનારમાં આયોજન




ગીર સોમનાથના કોડીનાર ખાતે શિક્ષણ અને સંસ્કારનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના સંયુક્ત ઉપક્રમે શ્રી ભ. ભા. વિદ્યાલયમાં 'ગીતાંશ અને સુભાષિત કંઠપાઠ સ્પર્ધા' યોજાઈ હતી. આ કાર્યક્રમમાં બાલવાટિકાથી લઈ અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધામાં વિદ્યાર્થીઓ દ્વારા ગીતાના વિવિધ અધ્યાયો અને શ્લોકોનું સુરીલું પઠન કરી વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું. ખાસ કરીને વાજા મૈત્રી અને પઢીયાર કાંતિભાઈ દ્વારા સંપૂર્ણ ભગવદ્ ગીતાના કંઠસ્થ પઠને ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આચાર્ય હરિસિંહ દાહીમાં અને ડૉ. જિજ્ઞાબેન મોરીના પ્રયાસોથી યોજાયેલ આ સ્પર્ધાએ નવી પેઢીમાં ભારતીય સંસ્કૃતિના સંસ્કારોનું સિંચન કર્યું હતું.

**રીપોટર: હર્ષ ભરડા, કેશોદ**

## રેલવે મંજૂરી વિલંબથી સાંઢિયા પુલ પ્રોજેક્ટ અટકયો

રાજકોટ–જામનગર હાઇવે પર સાંઢિયા પુલની જગ્યાએ બનતો ફોરલેન બ્રિજ રેલવે મંજૂરીના વિલંબથી ફરી મોડો પડવાની શકયતા ઊભી છે. પુલના સેન્ટ્રલ ભાગમાં રેલવે ટ્રેક ઉપર સ્ટીલ ગર્ડર લોન્ચિંગ માટે ત્રણ મહિના પહેલાં મંજૂરી માંગવામાં આવી હતી, પણ હજુ સુધી મંજૂરી ન મળતાં કામ અટકી ગયું છે. આ દરમિયાન હાઇવેનો ટ્રાફિક શહેરમાંથી પસાર થવાથી ભારે અંધાધુંધી સર્જાઈ રહી છે.

74.32 કરોડની કિંમતના આ પ્રોજેક્ટનું લોકાર્પણ મહાપાલિકા ચૂંટણી પહેલાં થવાની શક્યતા ઘટી છે અને હવે મે–2026 સુધી પૂર્ણ થવાની ધારણા વ્યક્ત થઈ રહી છે.

## નવાયાર્ડમાં હુમલા બાદ ત્રિપુટી ઝડપાઈ જાહેરમાં માફી

વડોદરાના નવાયાર્ડ વિસ્તારમાં રિક્ષાચાલક નાઝીમ પઠાણ અને તેના ભત્રીજા પર થયેલા હુમલાના કેસમાં શહેબાઝ પઠાણ અને તેના બે સાથીદારો ઝડપાઈ ગયા છે. ડી-કેબિન રોડ પર અજીમખાને એક્ટિવા સાઇડમાં ઊભી રાખતાં શહેબાઝ ત્રાટક્યો અને ગાળો આપતા વિવાદ શરૂ થયો હતો. બાદમાં ત્રિપુટીએ બંનેને લાત-ઘૂંટા અને થપ્પડ માર્યા હતા. નાઝીમને ઈજાઓ થતાં હોસ્પિટલ ખસેડવો પડ્યો હતો. ફરિયાદ બાદ ત્રણેને થોડા સમયમાં જ પકડી પાડવામાં આવ્યા અને પીડિત પરિવાર સમક્ષ માફી માગવી પડી હતી.

## બનાવટી ગન લાઇસન્સ કેસમાં મુખ્ય આરોપી રિમાન્ડમાં

ઉત્તર પ્રદેશના રહેવાસી પવન કુમાર લોધીને બનાવટી ગન લાઇસન્સ કેસમાં કરાયા બાદ ATS દ્વારા રિમાન્ડની માંગ સાથે અમદાવાદ ગ્રામ્ય મેજિસ્ટ્રેટ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. કોર્ટે બે દિવસનો રિમાન્ડ મંજૂર કર્યો છે. તપાસ મુજબ કુલ 12 બનાવટી ગન લાઇસન્સના આધાર પર 12 રિવોલ્વર અને 477 કાર્ટ્રીજ ખરીદવામાં આવ્યા હતા. કેસમાં અત્યાર સુધી 18 આરોપીઓની અટક થઈ છે અને 14 સામે ચાર્જશીટ દાખલ થઈ ચૂકી છે. પવન લોધી એટા જિલ્લા DM કચેરીમાં ક્લાર્ક તરીકે કાર્યરત હતો અને લાઇસન્સ સંબંધિત દસ્તાવેજોમાં ગેરરીતિ કર્યાનો આરોપ છે. તપાસ હેઠળ અન્ય આરોપીઓની પણ શોધખોળ ચાલી રહી છે.

## વડોદરામાં સંવિધાન દિવસે કોંગ્રેસની SIR સમીક્ષા બેઠક

વડોદરા શહેર અને જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સંવિધાન દિવસ નિમિત્તે દાંડિયા બજાર સ્થિત પ્રેમાનંદ સાહિત્ય સભા હોલમાં SIR પ્રક્રિયા અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં AICC સેક્રેટરી અને મધ્ય ગુજરાત પ્રભારી રામકિશન ઓઝા, ધારાસભ્ય ઇમરાન ખેડાવાલા, શહેર પ્રમુખ ઋત્વિજ જોષી, જિલ્લા પ્રમુખ જશપાલસિંહ પઢિયાર સહિત અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતા.


SIR કામગીરી દરમિયાન મૃત્યુ પામેલા BLOને મૌન પાળી શ્રદ્ધાંજલિ અપાઈ અને સંવિધાન ઘડવૈયા ડૉ. બી.આર. આંબેડકરને ફૂલહાર અર્પણ કરાયા. પ્રભારી ઓઝાએ શહેર અને જિલ્લાના વોર્ડ–તાલુકા પ્રમુખો પાસેથી તેમના વિસ્તારોમાં ચાલી રહેલી SIR પ્રક્રિયા અંગે માહિતી મેળવી અને 4 ડિસેમ્બર સુધી વધુ મતદાર ફોર્મ સબમિટ થાય તે માટે માર્ગદર્શન આપ્યું.


ધારાસભ્ય ઇમરાન ખેડાવાલાએ મતદાર યાદી સુધારણા દરમિયાન આવનારી શક્ય સમસ્યાઓ અને સહાય અંગે કાર્યકરોને માહિતગાર કર્યા. બેઠક બાદ કોંગ્રેસ કાર્યકરો સ્મૃતિ ભવન સુધી પદયાત્રા કરી આંબેડકરને શ્રદ્ધાંજલિ આપી હતી. શહેર કોંગ્રેસનું કહેવું છે કે સંવિધાનના મૂલ્યોને અનુરૂપ લોકહિતનું કામ પ્રાથમિકતા રહેશે.



## ભાવનગરમાં ગેરકાયદેસર તત્વો પર પાસા હેઠળ કાર્યવાહી

ભાવનગર જિલ્લામાં અસામાજિક તત્વો અને ઇંગ્લિશ દારૂની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા છે. જિલ્લા સ્તરે તૈયાર કરાયેલ પ્રસ્તાવના આધારે કેટલાક વ્યક્તિઓને પાસા હેઠળ અટકાવવામાં આવીને રાજ્યની અલગ–અલગ જેલોમાં મોકલવામાં આવ્યા છે. ગેરકાયદેસર દારૂ વહેંચણી, મિલ્કત અને શરીરસંબંધિત ગુનાઓમાં સંડોવાયેલ આવા તત્વોને નિયંત્રણમાં લેવા આ કાર્યવાહી મહત્વપૂર્ણ માનવામાં આવે છે. પ્રસ્તાવ માન્ય થતાં નિલેશ બારોટ અને કેવલ સોલંકી વિરુદ્ધ કાર્યવાહી કરીને તેમને અનુક્રમે ભુજ અને રાજકોટની જેલમાં ખસેડાયા છે. પાલીતાણા વિસ્તારના રાહુલ ચુડાસમાને પણ અસામાજિક પ્રવૃત્તિઓમાં સંડોવણીને કારણે વડોદરા જેલ મોકલવામાં આવ્યો છે. સ્થાનિક સ્તરે વધતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને નિયંત્રણમાં લેવા આ પગલાંને મહત્વપૂર્ણ માનવામાં આવે છે.







સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## કાલુપુર એસી વેઈટિંગ હોલના પ્રારંભને લઈ વિવાદ ઉછળ્યો

અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પર બનાવાયેલા નવા એસી વેઈટિંગ હોલના પ્રારંભને લઈ ગેરસમજ અને વિવાદની સ્થિતિ સર્જાઈ છે. 20 નવેમ્બરે અને ત્યારબાદ GMની હાજરીમાં ઉદ્ઘાટન ન થઈ શક્યા બાદ અંતે 26 નવેમ્બરના રોજ સાંસદ દિનેશ મકવાણા અને ધારાસભ્ય કૌશિક જૈન દ્વારા તેનો પ્રારંભ કરવામાં આવ્યો. સૂત્રો મુજબ, ઉદ્ઘાટન પહેલાં જ મુસાફરો પાસેથી પ્રતિ કલાક રૂ.20 પ્રમાણે ચાર્જ વસૂલી તેમને હોલમાં બેસાડવામાં આવ્યા હતા. બાદમાં અધિકારીઓના આગમન દરમિયાન ફોટો સેશન માટે મુસાફરોને બહાર કાઢી ચાર્જ પરત કરાયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જોકે DRM વેદ પ્રકાશે જણાવ્યું કે હોલનું ઉદ્ઘાટન નહોતું, માત્ર લોકો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું અને કોઈને બહાર કાઢવામાં આવ્યું નથી. દૈનિક 50 હજાર અવરજવર સામે ફક્ત 250 બેઠકોની ક્ષમતા ધરાવતો આ વેઈટિંગ હોલ હાલ ચર્ચાનો વિષય બન્યો છે.

## ગોધરા પોલીસ સ્ટેશન હુમલા કેસમાં જામીન અરજી હાઈકોર્ટમાં



ગોધરા B ડિવિઝન પોલીસ મથક પર સપ્ટેમ્બર મહિનામાં થયેલા હુમલા કેસમાં ચાર્જશીટ દાખલ થાય તે પહેલાં અસરીફ બલ્લુ, સલમાન હાજી અને દુરવેશ ફારૂક સહિતના આરોપીઓએ ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરી છે. કુલ 88 લોકો સામે ફરિયાદ નોંધાઈ હતી, જેમાંથી 17ની ધરપકડ થઈ હતી. સેશન્સ કોર્ટે તેમની જામીન અરજી નકારી દેતાં તેઓ હાઈકોર્ટ પહોંચ્યા છે. આરોપીઓ પૈકી દુરવેશ ફારૂક મૌલવી છે.

કેસ મુજબ ઝાકિર અહેમદે સોશિયલ મીડિયા પર વિવાદસ્પદ પોસ્ટ અને વીડિયો વાઈરલ કર્યા બાદ સ્થાનિકોમાં રોષ ફેલાયો હતો. બાદમાં તેણે પોલીસ મથકે માર માર્યાનો ખોટો દાવો કરીને વોટ્સએપ ગ્રુપમાં ઉશ્કેરણી ફેલાવી હતી. આથી 300-400 લોકોનો ટોળો પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો અને પથ્થરમારો, સરકારી રેકોર્ડ સળગાવવાની તથા વાહનોને નુકસાન પહોંચાડવાની ઘટનાઓ બની હતી. અરજદારોનું કહેવું છે કે તેઓ ઘટનાસ્થળે હાજર નહોતા અને CCTVમાં પણ દેખાતા નથી. જ્યારે સરકારી વકીલનો દાવો છે કે આરોપીઓ ટોળાનો ભાગ હતા અને ઉશ્કેરણીમાં ભૂમિકા ભજવી હતી. હવે આ જામીન અરજી પર હાઈકોર્ટમાં ડિસેમ્બરમાં સુનાવણી થશે.

## EWS આવાસમાં વિલંબથી કોન્ટ્રાક્ટર બ્લેકલિસ્ટ કરવાની દરખાસ્ત

અમદાવાદમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની EWS આવાસ યોજનામાં કાર્યમાં વારંવાર વિલંબ થવાના કારણે કોન્ટ્રાક્ટર એમ.વી. ઓમ્ની (ઇન્ડિયા) લિમિટેડને બ્લેકલિસ્ટ કરવાની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટીમાં રજૂ થવા જઈ રહી છે. મોટેરા, થલતેજ, ગૈતા અને ચાંદખેડા સહિતના વિસ્તારોમાં કુલ 1,456 આવાસો બનાવવા માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો, પરંતુ 2018માં કામગીરી અધૂરી છોડી દેવામાં આવી હતી. કોર્પોરેશન વારંવાર સમયમર્યાદા વધારવા છતાં કામ પૂર્ણ ન થતા 2019થી 10 વર્ષ માટે બ્લેકલિસ્ટ કરવાનો નિર્ણય લેવાયો છે. તમામ કાનૂની પ્રક્રિયા પૂર્ણ થતાં હવે અધિકૃત મંજૂરી માટે પ્રસ્તાવ મૂકાયો.




## નાગેશ્વર મંદિર ટ્રસ્ટની અરજી પર હાઇકોર્ટનો નિર્ણય

દ્વારકાના નાગેશ્વર જ્યોતિર્લિંગ મંદિર ટ્રસ્ટ દ્વારા આસિસ્ટન્ટ કલેક્ટરના પત્રને પડકારતી અરજી ગુજરાત હાઈકોર્ટમાં રજૂ કરવામાં આવી હતી. ટ્રસ્ટનો દાવો હતો કે BNSS 152 હેઠળ માંગવામાં આવેલી માહિતી તેમની અધિકાર સીમામાં આવતી નથી અને મંદિર સંચાલન સંબંધિત બાબતો ચેરિટી કમિશનરના અધિકારક્ષેત્રમાં આવે છે. આસિસ્ટન્ટ કલેક્ટરે દાનપેટીના નિયમો, વહીવટી પ્રક્રિયા અને દાનની વહેંચણી જેવી વિગતો માંગતાં પત્ર મોકલ્યો હતો, જેને ટ્રસ્ટે ન્યૂસન્સ સંબંધિત કલમ હેઠળ અયોગ્ય ગણાવી હતી. સરકારી વકીલનો મત હતો કે આસિસ્ટન્ટ કલેક્ટરે માત્ર મળેલી ફરિયાદોને આધારે માહિતી માંગવામાં આવી હતી અને કોઈ દબાણકારક કાર્યવાહી નહોતી. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે BNSS 152 અંતર્ગત યોગ્ય કાર્યવાહી શરૂ ન થાય ત્યાં સુધી મંદિર વહીવટને લગતી માંગેલી માહિતી પર પગલાં નહીં લેવાય. પરિણામે અરજીનો નિકાલ કરવામાં આવ્યો.

નાગેશ્વર મંદિર સંબંધિત મામલો છેલ્લા કેટલાક દિવસથી ચર્ચામાં છે, જેમાં ટ્રસ્ટીઓ અને પૂજારી વચ્ચેના આક્ષેપો પણ પ્રકાશમાં આવ્યા છે.



## અમદાવાદમાં ફૂટપાથ પર સુતા લોકોની સુરક્ષા ચિંતા

અમદાવાદના રાયખડ ચાર રસ્તા વિસ્તારમાં ફૂટપાથ પર સુતા લોકોની અસુરક્ષિત સ્થિતિ કેમેરામાં કેદ થઈ છે. એક યુવક અને મહિલા ફૂટપાથ પર સૂતા હતા ત્યારે અજાણ્યા વ્યક્તિએ યુવકના ખિસ્સામાંથી વસ્તુ કાઢી લેવાનો પ્રયાસ કર્યો હતો. બાદમાં વ્યક્તિ જાગતાં શખ્સ ત્યાંથી ભાગી ગયો. આ ઉપરાંત AMTS સ્ટેન્ડ પાસે નશામાં બેઠેલા યુવકો પણ જોવા મળ્યા હતા, જ્યાં દારૂની ખાલી થેલીઓ પડેલી મળી આવી હતી. ફૂટપાથ પર નશામાં અથવા અચેત હાલતમાં સૂતા લોકોની વધતી સંખ્યાએ સુરક્ષા અને તંત્રની ભૂમિકાને લઈને પ્રશ્નો ઊભા થયા છે.

## શારદાબેન હૉસ્પિટલમાં લેબ મશીનરી માટે મંજૂર કોન્ટ્રાક્ટ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શારદાબેન હોસ્પિટલમાં 37 વિવિધ ટેસ્ટ માટે જરૂરી મશીનરી અને સુવિધાઓ સ્થાપિત કરવા માટે રૂ. 68 લાખનો કોન્ટ્રાક્ટ હોસ્પિટલ કમિટી દ્વારા મંજૂર કરવામાં આવ્યો છે. હોસ્પિટલ કમિટીના ચેરમેન ભરત કાકડીયાએ જણાવ્યું હતું કે હોસ્પિટલમાં વર્ષ દરમિયાન આશરે 12.50 લાખ દર્દીઓના ટેસ્ટ મફતમાં કરવામાં આવે છે. વધતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ખાનગી કંપની દ્વારા મશીનરી, સામગ્રી અને સંબંધિત સર્વિસની વ્યવસ્થા માટે દરખાસ્ત કરવામાં આવી હતી. હોસ્પિટલમાં 47 જગ્યાઓ ભરવાની પ્રક્રિયા મોકૂફ રાખવામાં આવી છે, કારણ કે હાલના કોન્ટ્રાક્ટરની મુદત જુલાઈ સુધી માન્ય છે. રિનોવેશન બાદ બેડ વધારાશે ત્યારે નવી સ્ટાફ ભરતી હાથ ધરાશે.

## અમદાવાદ પશ્ચિમમાં નવો STP પ્લાન્ટ બનાવવા દરખાસ્ત

અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં બોપલ, થલતેજ, ભાડજ, હેબતપુર અને સરખેજ જેવા વિસ્તારોમાં વધતી વસ્તી અને ડ્રેનેજની સમસ્યાને ધ્યાનમાં રાખીને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મહત્વપૂર્ણ પગલું લેવાયું છે. સરખેજ-ફતેવાડી ખાતે રૂ. 159 કરોડના ખર્ચે નવો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ડ્રેનેજ લાઈન બનાવવા માટેની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં રજૂ થવાની છે. ખિલારી ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડને પ્રોજેક્ટ 32 ટકા ઓછી કિંમત પર સોંપવાનું નક્કી થયું છે. બે વર્ષમાં કામ પૂર્ણ થવાની શક્યતા છે. આ પ્રોજેક્ટથી પશ્ચિમ વિસ્તારોમાં ડ્રેનેજની સમસ્યામાં રાહત મળશે.




## ચાંદખેડા: સાસરિયાના ત્રાસથી યુવતીએ ત્રીજા માળેથી કૂદી આપઘાત કર્યો

અમદાવાદના ચાંદખેડામાં એક હચમચાવી દેતી ઘટના સામે આવી છે. અહીં ૨૫ વર્ષીય મૈત્રીએ સાસરિયાના અસહ્ય ત્રાસથી કંટાળી ફ્લેટના ત્રીજા માળેથી કૂદીને પોતાની જિંદગી ટૂંકાવી લીધી છે. પ્રેમલગ્ન બાદ છૂટાછેડા અને ફરી પતિ સાથે લિવ-ઈનમાં રહેતી મૈત્રીને તેના પતિ ટીપેન્દ્ર, સાસુ અને દિયર દ્વારા સતત શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. પિયરથી રૂપિયા લાવવા માટે દબાણ અને દીકરાને છીનવી લેવાની ધમકીઓથી વ્યથિત થઈને મૈત્રીએ પતિના ઘરે પરત ફર્યાના બીજા જ દિવસે આ અંતિમ પગલું ભર્યું હતું. આ બનાવ બાદ મૃતકના પિતાએ દીકરીના મોત માટે જવાબદાર પતિ સહિત ત્રણ સાસરિયાઓ સામે ફરિયાદ નોંધાવી છે, જેના આધારે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.




## બોપલ-આંબલી અને આંબાવાડીના બે સ્પામાં ગેરપ્રવૃત્તિઓનો પર્દાફાશ

અમદાવાદના બોપલ-આંબલી અને આંબાવાડી વિસ્તારમાં ચાલતા બે સ્પા સેન્ટરોમાંથી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ બહાર આવી છે. શહેરના પોશ વિસ્તારોમાં કેટલાક સ્પાના આવરણમાં અપ્રમાણસર કાર્યો ચાલી રહ્યા હોવાની મળેલી માહિતી બાદ સંબંધિત તંત્ર દ્વારા સંયુક્ત કાર્યવાહી કરવામાં આવી હતી.

બોપલ-આંબલી રોડ પર આવેલા વનવર્લ્ડ વેસ્ટ કોમ્પ્લેક્સના 'ધ ઝીરો સ્પા'માં તપાસ દરમિયાન અનિચ્છનીય પ્રવૃત્તિઓ ચાલી રહી હોવાના પુરાવા મળ્યા હતા. અહીં કામ કરતો મેનેજર છેલ્લા ત્રણ મહિનાથી સ્પા સંચાલન સાથે જોડાયેલો હતો, જ્યારે માલિક તરીકે એક મહિલાનું નામ સામે આવતાં તેની ભૂમિકાની તપાસ શરૂ કરવામાં આવી છે. આ સિવાય, આંબાવાડીના શ્રી કૃષ્ણા કોમ્પ્લેક્સમાં આવેલા 'લેમન આયુર્વેદિક સ્પા'માં પણ તપાસ હાથ ધરાઈ હતી, જ્યાં એક ગ્રાહક શંકાસ્પદ સ્થિતિમાં મળ્યો હતો. અહીં પણ સ્પાના સંચાલક તથા માલિક વિશે વધુ વિગતો મેળવવા પ્રક્રિયા ચાલુ છે. બંને સ્થળોથી મળેલા મહત્વના દસ્તાવેજો અને સામગ્રીના આધારે કેટલાં સમયથી આવી ગેરવ્યવહાર ચાલી રહ્યો હતો તેની વિગતવાર તપાસ આગળ વધી રહી છે. શહેરમાં આવા ગેરકાયદેસર વ્યવસાયો પર હવે વધુ કડક નિયંત્રણ તરફ પગલાં લેવામાં આવવાની શક્યતા.




**અમદાવાદના બોપલ-આંબલી અને આંબાવાડી વિસ્તારમાં બે સ્પા સેન્ટરોમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ બહાર આવતા તંત્રે તપાસ શરૂ કરી છે. મેનેજરની ધરપકડ, માલિકોની શોધખોળ અને મળેલા પુરાવા આધારિત વધુ તપાસ ચાલુ.**

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## વડોદરા ગ્રામ્યમાં ગુમશુદગી, અકસ્માત મોત અને ઝેરપ્રકરણોની નોંધ સામે

વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં અનેક જુદા જુદા બનાવોની નોંધ થતા સ્થાનિક સ્તરે ચિંતા વ્યાપી છે. વરણામા વિસ્તારમાંથી ૧૮ વર્ષની હિરલબેન લાલજીભાઈ વસાવા ૨૨ નવેમ્બરના રોજ પોરની સી.એચ.સી. હોસ્પિટલ સામેના વિસ્તારમાંથી ગુમ થયાની માહિતી સામે આવી છે અને પરિવારજનોએ તેમની શોધખોળમાં સહકારની અપીલ કરી છે. શિનોરમાં ૧૯ વર્ષની કરીશ્માબેન માવસીભાઈ ભીલ દ્વારા અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેવાતા તેમનું દુઃખદ અવસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. પાદરા વિસ્તારમાં ૩૩ વર્ષની શિલ્પાબેન પુનમભાઈ પઢીયારને ડિલિવરી બાદ શ્વાસની તકલીફ અને વધુ બ્લીડિંગ થતાં એસ.એસ.જી. હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું, જ્યારે નવજાત બાળકને પણ શ્વાસની તકલીફ છે. વડુ ગામમાં ૨૦ વર્ષની હેતલબેન બારીયાએ પતિ સાથે નોકરી મુદ્દે બોલાચાલી બાદ ઉંદર મારવાની દવા પી લીધી હતી. હાલ તેઓ સારવાર હેઠળ.

## કાગ વંદના જયંતી અવસર ઉજવણી

અમરેલી જિલ્લા લોકસાહિત્ય સેતુ દ્વારા સરસ્વતી વિદ્યામંદિર, જેસીંગપરામાં પદ્મશ્રી દુલાભાયા કાગની 122મી જન્મજયંતિ નિમિત્તે કાગ વંદના યોજાઈ. દીપ પ્રાગટ્ય સંસ્થાના પ્રમુખ ઈતેશભાઈ મહેતાએ કર્યું. વિદ્યાલયની બાળાઓએ સ્વાગત નૃત્ય રજૂ કર્યું. કવિ મહેન્દ્રભાઈ જોષી, રમેશભાઈ જાદવ અને બાવુભાઈ ભુટકએ કાગ બાપુની રચનાઓ ગુંજાવી. નિયામક પ્રવીણભાઈ કથરીયાએ મહેમાનોનું સ્વાગત કર્યું. કાર્યક્રમનું સંચાલન પ્રકાશભાઈ શુક્લાએ તથા આભારવિધિ પૂજાબેન ડોબરિયાએ કરી.

**રીપોર્ટર – સમીર ખોખર, અમરેલી.**



## વડોદરા ગ્રામ્યમાં દારૂબંધી હેઠળ અનેક સ્થળે કાર્યવાહી નોંધાઈ




વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં દારૂબંધી સંબંધિત અનેક કેસો સામે આવ્યા છે. ચાણોદ વિસ્તારમાં દારૂ પીધેલી હાલતમાં ફરવાના બે કેસ નોંધાયા છે, જ્યારે ડેસર વિસ્તારમાં એક લીટર દેશી દારૂ સાથે વ્યક્તિ ઝડપાયો છે. પાદરા વિસ્તારમાં ત્રણ, વડોદરા તાલુકામાં એક, ડભોઈમાં ચાર અને વડુ ગામમાં એક કેસ દાખલ થતાં કુલ મળીને દારૂ સંબંધિત અનેક કાર્યવાહી નોંધાઈ છે. સ્થાનિક સ્તરે દારૂબંધીના નિયમોને અવગણવાની ઘટનાઓ અંગે ફરી ચર્ચા ઊભી થઈ છે.

આ સાથે વાઘોડિયા વિસ્તારમાં એક મહત્વનું જપ્તીનું પ્રકરણ સામે આવ્યું છે. મોટી માણેકપુર નર્મદા કેનાલ નજીકથી રવજીભાઈ રાઠવાના કબ્જામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૪૮ ક્વાટરીયા, કિંમત અંદાજે રૂ. ૪,૮૦૦ તેમજ સુઝુકી એક્સેસ બાઈક જપ્ત કરવામાં આવી છે. આ ઉપરાંત વાઘોડિયા વિસ્તારમાં દારૂ પીધેલી હાલતમાં ફરવાના છ વધુ કેસોની નોંધ પણ થઈ છે. વિસ્તારોએ વધતા દારૂના પ્રવાહ અને તેની અસર અંગે ચિંતા વ્યક્ત કરી છે, સાથે જ દારૂબંધીના નિયમોને અસરકારક રીતે અમલમાં લાવવા માંગ ઉઠી રહી છે.

## વડોદરા ગ્રામ્યમાં ખતરનાક ડ્રાઇવિંગ અને પાર્કિંગના અનેક કેસ




વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં ખતરનાક ડ્રાઇવિંગ અને અડચણરૂપ પાર્કિંગ સંબંધિત અનેક નાના પરંતુ મહત્વપૂર્ણ કેસો સામે આવ્યા છે. મનજૂસર ગામે રિક્ષા (GJ 06 BZ 5153) અડચણરૂપ રીતે પાર્ક કરવાથી બળવંતભાઈ પરમાર વિરુદ્ધ કાર્યવાહી નોંધાઈ છે. તેમ જ અહીં જ મહિન્દ્રા પીકઅપ (GJ 06 BY 6481) ગફલતભરી રીતે હંકારવાના મામલે ઠાકોરભાઈ વસાવા વિરુદ્ધ કેસ નોંધાયો છે. શિનોર વિસ્તારમાં ઇક્કો ગાડી (GJ-16-BB-2474) માર્ગમાં અવરોધરૂપ ઉભી રાખવાની ફરિયાદ પર ઇરફાનઅલી કુરેશી સામે ગુનો નોંધાયો છે. પાદરા વિસ્તારમાં ભયજનક રીતે રિક્ષા હંકારવાના ત્રણ અલગ-અલગ બનાવોમાં મુકેશભાઈ ખટીક, કિશનકુમાર વસાવા, ગિરીશભાઈ ગાંધી અને નજીરભાઈ રાઠોડના નામ સામે કેસ દાખલ થયા છે. વડોદરા તાલુકામાં પણ ભયજનક ડ્રાઇવિંગ અને અડચણરૂપ પાર્કિંગ અંગે ત્રણ કેસ નોંધાયા છે, જેમાં સુરેશભાઈ જારીયા, દલપતસિંહ પઢિયાર અને રાજેશભાઈ ગોહિલના નામો સામેલ છે. વાઘોડિયા વિસ્તારમાં ખતરનાક ડ્રાઇવિંગના બે જુદા બનાવોમાં વિજયભાઈ પરમાર અને ચિરાગભાઈ બારોટ વિરુદ્ધ ફરિયાદો નોંધાઈ છે. વડુ ગામે બાઈક ભયજનક રીતે હંકારવાના બે કેસોમાં જીગ્નેશકુમાર મકવાણા અને પ્રદીપભાઈ પઢીયાર વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. સ્થાનિક વિસ્તારોમાં સુરક્ષિત ટ્રાફિક અંગે ફરી ચર્ચા થઈ.

## વડોદરા ગ્રામ્યમાં ત્રણ અલગ અકસ્માતમાં ત્રણના મોત

વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં ૨૫ નવેમ્બર આસપાસના સમયગાળા દરમિયાન બનેલા ત્રણ અલગ-અલગ રસ્તા અકસ્માતોમાં ત્રણ લોકોના મૃત્યુ થયા છે. લુણા ગામની સીમમાં બી.ડી.આર. કંપની નજીક સવારે ૧૦:૪૫ વાગ્યે બનેલી ઘટનામાં આણંદના આંકલાવ રહેતા મુકેશભાઈ પઢીયાર પરિવાર સાથે બાઈક પર શ્રીમંત વિધિ પ્રસંગે જઈ રહ્યા હતા. ગંદા પાણીની કેનાલવાળા રસ્તે આવેલા સ્પીડ બ્રેકર પર નિયંત્રણ ગુમાવતા તેમની પત્ની તેજલબેન નીચે પડી જતા ગંભીર ઈજાના કારણે સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું. બાળકના કપાળે નાની ઈજા થઈ હોવાનું જાણવા મળે છે. બીજા બનાવમાં પાદરા-વડોદરા રોડ પર ગોવિંદપુરા પોલીસ ચોકી સામે રાત્રે ૯ વાગ્યે મોટરસાયકલ અને ટ્રક કન્ટેનર વચ્ચે ટક્કર સર્જાઈ હતી. વડોદરા રહેતા સોનુ ઉર્ફે સન્ની માળી પોતાની બાઈક પર જતા હતા ત્યારે કન્ટેનરના પાછળના વ્હીલ હેઠળ આવી જતાં સ્થળ પર જ તેમનું મૃત્યુ થયું હતું. તેમની સાથેના ખુશાલભાઈ માળીને સામાન્ય ઈજા પહોંચી હતી. ત્રીજો અકસ્માત કરજણના જુના રેલ્વે બ્રિજ ઉપર ૨૩ નવેમ્બરે રાત્રે ૮:૩૦ વાગ્યે બન્યો હતો. મીયાગામના સુરેંદ્રસિંહ ગોહીલ ઝડપી ગતિએ બાઈક હંકારતા આગળ જતી એક્ટીવા સાથે અથડાયા હતા. ગંભીર ઈજા બાદ બે દિવસની સારવાર છતાં તેઓનું ૨૫ નવેમ્બરે અવસાન થયું હતું. ત્રણે બનાવોએ સ્થાનિકોમાં માર્ગ સુરક્ષાને લઈને ચિંતાઓ ફરી સામે લાવી છે.



## રાહુલ ગાંધીને યુનિટી માર્ચ માટે આમંત્રણ ચર્ચામાં

વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોશીએ લોકસભા વિપક્ષ નેતા રાહુલ ગાંધીને કરમસદથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધીની રાષ્ટ્રીય એકતા પદયાત્રામાં જોડાવવા પત્ર મોકલ્યો છે. સરદાર પટેલની 150મી જન્મજયંતિને સમર્પિત આ યાત્રાને પાર્ટી પ્રેરિત નહીં પરંતુ રાષ્ટ્રીય એકતા માટેનું પગલું તરીકે રજૂ કરવામાં આવ્યું છે. જોશીએ જણાવ્યું કે રાહુલ ગાંધી જોડાશે તો દેશને એકતાનો સંદેશ મજબૂત બનશે. તેમના નિવેદન બાદ રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે. આ યાત્રામાં 150 યુવાનો સહિત સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ જોડાવાની તૈયારીમાં છે.

## કચ્છ એક્સપ્રેસમાં પ્રવાસી પરિવાર સાથે મોટી ચોરી

તમિલનાડુમાં રહેતો એક પરિવાર પોતાના વતન ભુજ દર્શન કરીને કચ્છ એક્સપ્રેસ મારફતે પરત જઈ રહ્યો હતો ત્યારે ટ્રેનમાં ચોરીની ગંભીર ઘટના બની હતી. મુસાફરી દરમિયાન પરિવાર ઊંઘી ગયો હતો અને સવારમાં જાગ્યા બાદ મહિલાનો પર્સ ગાયબ હોવાનું બહાર આવ્યું. તપાસ કરતા બે સોનાના કડા, રોકડ રકમ સહિત કુલ રૂ. 2.21 લાખનો મુદ્દામાલ અજાણી વ્યક્તિ ચોરી લઈ ફરાર થયો હતો. ઘટનાથી મુસાફરોમાં ચિંતા ફેલાઈ છે. પરિવારએ જાણ કર્યા પછી મામલો નોંધાયો છે અને આગળની કાર્યવાહી ચાલુ છે.

## વડોદરામાં રોજગાર અને એપ્રેન્ટિસ ભરતી મેળો યોજાયો

વડોદરામાં મદદનીશ નિયામક (રોજગાર) કચેરી અને યુનિવર્સિટી રોજગાર માર્ગદર્શન બ્યુરો દ્વારા પ્રો. સી.સી. મહેતા ઓડિટોરિયમ ખાતે જિલ્લાકક્ષાનો રોજગાર અને એપ્રેન્ટિસ ભરતી મેળો તેમજ PMVBRY સેમિનાર યોજાયો. મેળામાં ટેકનિકલ અને નોન-ટેકનિકલ મળી કુલ 1000થી વધુ જગ્યાઓ માટે 35 નોકરીદાતાઓ હાજર રહ્યા હતા. 567 ઉમેદવારોએ ભાગ લીધો હતો, જેમાંથી 210 ઉમેદવારોની પ્રાથમિક પસંદગી થઈ અને 34 દિવ્યાંગ ઉમેદવારોને તક મળી. ફ્રી વોકેશનલ તાલીમ માટે 34 ઉમેદવારો પસંદ થયા. મહેમાનો દ્વારા યુવાનોને વિવિધ પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરી નવી તકનો લાભ લેવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

## નવાપુરામાં રિક્ષામાં મુસાફરી કરતી કિન્નર પર હુમલો

વડોદરા શહેરના નવાપુરા વિસ્તારમાં રિક્ષામાં મુસાફરી કરતી કિન્નર પર અજાણ્યા બાઈક સવાર બે શખ્સોએ ચાકુ વડે હુમલો કર્યો હતો. કાલુપુરા ફતેપુરામાં રહેતી સિમરન કુવરે રાજરત્ન સોસાયટી રોડ પરથી પસાર થતી વખતે આ ઘટના બની હતી. હુમલામાં તેમના ડાબા પગે ગંભીર ઈજા થઈ હતી. રિક્ષાચાલકે તાત્કાલિક તેમને સયાજી હોસ્પિટલમાં પહોંચાડ્યા હતા. કિન્નરે ઘટના અંગે ફરિયાદ નોંધાવતા બાબત જાહેર થયો છે. હુમલાખોરોની ઓળખ માટે વિસ્તારના સીસીટીવી ફૂટેજ ખંગાળવામાં આવી રહ્યા છે અને સમગ્ર બનેલી ઘટના અંગે તપાસ ચાલુ છે.

## દધીચિબ્રિજ પર યુવકનો આપઘાત પ્રયાસ ટળ્યો

અમદાવાદના વાડજ વિસ્તારમાં આવેલ દધીચિબ્રિજ પર એક યુવક દ્વારા સાબરમતી નદીમાં કૂદી આપઘાતનો પ્રયાસ કરવામાં આવતાં હલચલ મચી હતી. રાત્રે આશરે 8:45 કલાકે યુવક બ્રિજની રેલિંગ અને સુરક્ષા જાળી પાર કરી નદીમાં ઝંપલાવવાની તૈયારીમાં હતો ત્યારે ત્યાંથી પસાર થતા લોકોએ તાત્કાલિક તેને પકડી લીધો હતો. ફાયરબ્રિગેડને માહિતી આપવામાં આવી હતી, પરંતુ તે આવે તે પહેલાં જ નજીકથી પસાર થતા JCBની મદદથી યુવકને ઉપર ખેંચીને સુરક્ષિત બહાર લાવ્યો હતો. ઘટનાના દૃશ્યોને જોઇ લોકોમાં રાહતનો માહોલ જોવા મળ્યો હતો.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## સાવલીમાં સગીર સાથે દુષ્કર્મ કરી ગર્ભવતી બનાવવાનો કેસ નોંધાયો

સાવલી તાલુકાના નવાપુરા (ઝટકાપુરા) ગામે સાતેક માસ પૂર્વે બનેલો ગંભીર દુર્વ્યવહારનો કેસ હવે સત્તાવાર રીતે પ્રકાશમાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ સામંતપુરાના રહેવાસી પ્રવિણભાઈ ગોવિંદભાઈ પરમાર પર આક્ષેપ છે કે તેમણે ફરિયાદીની સગીર દીકરી સાથે મરજી વિરુદ્ધ શારીરિક દુર્વ્યવહાર કર્યો હતો. આ ઘટનાના પરિણામે પીડિતા ગર્ભવતી બની હતી અને તાજેતરમાં બાળકને જન્મ મળતા સમગ્ર બાબત બહાર આવી હતી. પરિવાર દ્વારા રજૂ કરાયેલી વિગત બાદ સાવલી પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા અને પોક્સો એક્ટની અનુરૂપ કલમો હેઠળ ગુનો નોંધાયો છે. ઘટનાએ ગામમાં ચિંતા અને ચર્ચાનો માહોલ ઊભો કર્યો છે. પીડિતાને જરૂરી માનસિક સહાય, સુરક્ષા અને માર્ગદર્શન પૂરું પાડવા માટે સંબંધિત તંત્ર દ્વારા જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. કેસની પૃષ્ઠભૂમિ અને પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને તપાસ આગળ ધપાવવામાં આવી રહી.

# ડભોઇમાં સાયબર બ્લેકમેલ કેસ ઉકેલાતાં બે યુવક ઝડપાયા

વડોદરા ગ્રામ્યના ડભોઇ વિસ્તારમાં "ઓપરેશન પરાક્રમ" દરમ્યાન એક ગંભીર સાયબર બ્લેકમેલિંગ કેસનો ભેદ ઉકેલાતા રાહત અનુભવાઈ છે. કાયાવરોહણ ગામે રહેતા 65 વર્ષીય અતુલભાઈ પટેલને અજાણ્યા વ્યક્તિએ ATS અધિકારી તરીકે પોતાની ખોટી ઓળખ આપી વોટ્સએપ કૉલ અને વીડિયોકૉલ મારફતે દબાણ કર્યું હતું. સતત ધમકીઓ અને માનસિક ત્રાસને કારણે અતુલભાઈએ ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું.
મરનારના ફોનની ટેકનિકલ વિગતો પરથી શરૂ થયેલી તપાસ દરમ્યાન મામલો બ્લેકમાં મળતા સીમકાર્ડ સુધી પહોંચ્યો હતો. સુરત વિસ્તારમાં શોધખોળ બાદ નિકુંજભાઈ નરેશભાઈ પાનશેરીયા અને હેનીલ ભાવેશભાઈ પાનશેરીયાને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં બંનેએ સ્વીકાર્યું કે તેઓ પોતાના ઓળખીતાના ઓનલાઈન ગેમિંગ ધંધા માટે બ્લેકમાં સૌથી વધુ સીમકાર્ડ મેળવતા હતા




અને ચાલુ સીમકાર્ડ તેમને સપ્લાય કરતા હતા. ધમકી માટે વપરાયેલ નંબર પણ આવા જ બ્લેક સીમકાર્ડ પૈકીનો હોવાનું બહાર આવ્યું છે. ઘટનાએ સાયબર ગુનાઓમાં વધી રહેલી નવી ચાલ અને આવી પ્રવૃત્તિઓ સામે સજાગતા વધારવાની જરૂરિયાતને ફરી એકવાર ઉજાગર કરી છે.

## મધુનગર બ્રીજ નજીક એક્ટીવા અકસ્માતમાં વયસ્ક મહિલાને ઇજા



વડોદરા શહેરના મધુનગર બ્રીજ નજીક અકસ્માત સ્થાનિકોમાં ચિંતા સર્જી રહ્યો છે. કેતુલભાઈ વાઘેલા દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, તેમની મોટી માતા શાંતાબેન મધુનગર બ્રીજ ઉતરીને રોડ ક્રોસ કરી રહી હતી ત્યારે એક્ટીવા (GJ-23-DE-9454)નો ચાલક પુરઝડપે વાહન હંકારતા નિયંત્રણ ગુમાવી બેઠો હતો. ઝડપ અને બેદરકારીના કારણે સ્કૂટર શાંતાબેનને ટકરાયું હતું, જેના કારણે તેમના માથાના પાછળના ભાગે ગંભીર ઇજા પહોંચી હતી. ઘટનાના બાદ તેમને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.
આ બનાવના પગલે વિસ્તારના રહેવાસીઓમાં પુલ વિસ્તારની ટ્રાફિક ગતિ અને બેદરકારીપૂર્વકના વાહનચાલન અંગે ફરીથી ચર્ચા ગરમાઈ છે. તેમણે જણાવ્યું કે સાંજના સમયે બ્રિજ ઉપર અને નીચે વાહનોની અવરજવર વધુ રહેતી હોવાથી પગદંડીયાઓ માટે જોખમ વધતું જાય છે. અકસ્માતની પૃષ્ઠભૂમિ, એક્ટીવા ચાલકની ગતિ અને અન્ય પરિસ્થિતિઓ અંગે સંબંધિત તંત્ર દ્વારા તપાસ આગળ વધી રહી છે.

## બગસરામાં ત્રિમાતૃ મહોત્સવનું ભવ્ય આયોજન શરૂ થવા તૈયારી

અમરેલી જિલ્લાના બગસરા શહેરમાં સ્વામિનારાયણ મંદિર દ્વારા "દેશ બચાવો, ગૌ માતા બચાવો, માતા બચાવો" સૂત્ર સાથે ત્રિમાતૃ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ૧૪ ડિસેમ્બર ૨૦૨૫ થી ૨૧ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન યોજનાર આ મહોત્સવમાં પૂજ્ય સૌમી વિવેકસ્વરૂપ દાસજીના માર્ગદર્શન હેઠળ ત્રિવેણી કથા, શ્રીમદ્ સત્સંગિજીવન કથા, શિક્ષાપત્રી કથા અને ગૌ કથા જેવા પવિત્ર ધાર્મિક કાર્યક્રમો યોજાશે. મહોત્સવને ભવ્યથી અતિભવ્ય બનાવવા સ્થાનિકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓના ઉપસ્થિત રહેવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે. **રિપોર્ટ : મનીષ રામાણી**

## ન્યૂ વી.આઈ.પી રોડ પર રીવર્સ અકસ્માતે બાળકીનું દુઃખદ અવસાન

વડોદરાના ન્યૂ વી.આઈ.પી રોડ નજીકના ખોડીયારનગર વિસ્તારમાં ૨૫ નવેમ્બર ૨૦૨૫ની બપોરે બનેલો એક ગંભીર અકસ્માત સ્થાનિકોમાં શોક અને આક્રોશનું વાતાવરણ સર્જી ગયો છે. રાંગુભાઈ મેડાની ફરીયાદ મુજબ, રાજીવનગર સામે આવેલી ઝુપડપટ્ટી પાસે ટ્રેક્ટર (જીજે 06 આરબી 7691) રીવર્સ લેતી વખતે બેદરકારી દાખવવામાં આવી હતી. રીવર્સ કરતી વેળા ટ્રોલીના ટાયર નીચે આવી જતા તેમની એક વર્ષની દિકરી શિવાને માથાના જમણા ભાગે ગંભીર ઇજા થઈ હતી. ઇજાઓ ગંભીર હોવાથી બાળકીને બચાવી શકાયું નહોતું અને તેનું સ્થળ પર જ દુઃખદ અવસાન થયું હતું.
દુર્ઘટનાના બાદ ટ્રેક્ટર ચાલક સ્થળ પરથી નાસી ગયાની માહિતી સામે આવી છે. બનાવને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો છે અને આવી બેદરકારી સામે કડક પગલાં લેવાની માંગ ઉઠી છે. સમગ્ર ઘટનાના કારણો, ટ્રેક્ટર ચાલકની ભૂમિકા અને પરિસ્થિતિને સમજવા સંબંધિત તંત્ર તપાસ આગળ ધપી રહ્યું છે.



## વડોદરા: પાણીગેટ પોલીસે ઘરફોડ ચોરીના ગુનામાં બે ઈસમોને ઝડપ્યા

વડોદરા શહેરના પાણીગેટ પોલીસ સ્ટેશનની ટીમે એક ઘરફોડ ચોરીના ગુનાનો ગણતરીના કલાકોમાં પર્દાફાશ કરી પ્રશંસનીય કામગીરી કરી છે. પાણીગેટ વિસ્તારમાં રાત્રિના અંધારાનો લાભ લઈ તસ્કરોએ એક મકાનને નિશાન બનાવ્યું હતું અને ત્યાંથી રોકડ રકમ તથા મોબાઈલ ફોનની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.
આ બનાવની ગંભીરતાને ધ્યાને લઈ પોલીસ ઇન્સ્પેક્ટર એ.બી. પટેલના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.



ઘટનાસ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસતા બે શંકાસ્પદ ઈસમો પોલીસની નજરે ચડ્યા હતા. બાતમી અને ટેકનિકલ સર્વેલન્સના આધારે પોલીસે સ્થાનિક રહીશ સમીર હુસેનશા દિવાન અને જબ્બારશા ગફારશા દિવાનને દબોચી લીધા હતા. શરૂઆતમાં આ શખ્સોએ પોલીસને ગલ્લા-તલ્લા કરી ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સઘન પૂછપરછમાં તેઓએ બાવચાવાડ ભોળાનાથ મંદિર પાસેના મકાનમાં ચોરી કર્યાની કબૂલાત કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી ટેકનો, વિવો અને ઓપ્પો કંપનીના ત્રણ મોંઘા મોબાઈલ ફોન તથા રોકડા રૂપિયા ૧૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૫૮,૦૦૦નો મુદ્દામાલ રિકવર કર્યો છે. પોલીસની આ ત્વરિત કાર્યવાહીથી ગુનેગારોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

**વડોદરા: પાણીગેટ પોલીસે ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી બે શખ્સોની ધરપકડ કરી. પોલીસે આરોપીઓ પાસેથી ૩ મોબાઈલ અને રોકડ રકમ સહિત કુલ રૂ. ૫૮,૦૦૦નો મુદ્દામાલ રિકવર કર્યો છે.**

## તુલસીવાડી વિસ્તારમાં મારામારીનો વિવાદ ઉગ્ર બન્યો

વડોદરા શહેરના તુલસીવાડી વિસ્તારમાં ૨૪ નવેમ્બરની રાત્રે થયેલો મારામારીનો બનાવ સ્થાનિકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. માહિતી મુજબ તુષાર નરેશભાઈ રાવલ તુલસીવાડી ભાથુજી મંદિર નજીક હાજર હતા ત્યારે સચીન સુરેશભાઈ સોલંકી, તરુણ ભોલાભાઈ સોલંકી અને તેમના બે મિત્રો ત્યાં પહોંચ્યા હતા. બંને પક્ષો વચ્ચે બોલાચાલી વધતાં વાત વિવાદ સુધી પહોંચી હતી. આરોપીઓએ ગાળો આપી ઝઘડો કરી તુષાર રાવલ સાથે છૂટા હાથની મારામારી કરતા તણાવ સર્જાયો હતો. વિવાદ દરમિયાન જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી હોવાનો દાવો પણ સામે આવ્યો છે.
બનાવ અંગે ફરિયાદ નોંધાઈ છે અને સમગ્ર ઘટનાની પૃષ્ઠભૂમિ, કારણો તેમજ બંને પક્ષોની ભૂમિકા વિશે તપાસ ચાલુ છે. સ્થાનિકો દ્વારા વિસ્તારમા આવી ઘટનાઓ રોકવા વધુ સાવચેતી રાખવાની માગણી ઉઠી છે.



સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫